૪૦૨/૭,૩૫૫

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫)** **સત્સંગ પ્રવેશ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

**વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ - બારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''એને ઘરે તમારાં જેવાં તો ગોલાં છે.'' (૫૨)

૨. ''તેજોમય ધામમાં, તેજોમય સિંહાસન ઉપર મહારાજ બેઠા છે.'' (૧૩-૧૪)

૩. ''તમે હાલીને આવ્યા છો. વળી થાક્યા હશો માટે સૂઈ જાઓ.'' (૨૨)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. સગરામે રસ્તે ચાલતાં રૂપાના તોડા ઉપર ધૂળ વાળી. (૧૧)

૨. લાધીબાઈએ સુવાસિની જેવો વેશ પહેર્યો. (૩૩-૩૪)

૩. ગોલિડા ગામના સીમાડામાં જમ બળવા લાગ્યા. (૫૩-૫૪)

**પ્ર.૩** વસંતપંચમી અને મહાશિવરાત્રી (૪૨-૪૩) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ખેપિયાએ કાગળ કોના હાથમાં મૂક્યો ? (૫૬)

૨. મહારાજે ક્યાં અને કોને ઘરે શાકોત્સવ કર્યો હતો ? (૨૯)

૩. દૂબળી ભટ્ટ કયા ગામના હતા ? (૩૫)

૪. ગુરુ જીવને કયો દીક્ષામંત્ર આપે છે ? (૨)

૫. મહારાજે કેશાબાને કેવા આશીર્વાદ આપ્યા ? (૬૩)

**પ્ર.૫** ''કરોડ રૂપિયા ખર્ચે.....'' (૬૫-૬૬) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. હિંસા ન કરની ....... કોઈકું લગાત. (૨૦)

૨. વંદન કરીએ ....... બહુનામી હરિ. (૩૨)

૩. દુષ્પ્રાપ્યમન્યૈ : ....... નમામિ. (૧૮)

૪. न ह्मम्यानि ...... साधवः ॥ (૬૦) - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો.

**વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ - તેરમી આવૃત્તિ, મે - ૨૦૧૧**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આપ આશીર્વાદ આપો તો અમારું કાર્ય સફળ થાય.'' (૭૭)

૨. ''ત્યારે આ મૂર્તિઓ પણ ત્યાં પધરાવીશું.'' (૪૫)

૩. ''સ્વામીની વિરુદ્ધ પડવા લાંચ લઉં એવો હું ગુરુદ્રોહી નથી.'' (૬૦)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. પૂનાના હરિભક્ત ભગવાનદાસને સ્વામીશ્રીએ જમી લેવાનું કહ્યું. (૮૧)

૨. પ્રાગજી ભક્તની સભા જોઈ યજ્ઞપુરુષદાસજીને આશ્ચર્ય થયું. (૨૦-૨૧)

૩. વરતાલમાં હરિભક્તોએ સ્વામીશ્રીને ઘી લાવીને પાયું. (૪૯-૫૦)

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

૧. શુદ્ધ ઉપાસનાનાં મંદિરો (૫૫-૫૬) ૨. અજોડ વિદ્વત્તા (૨૯-૩૧) ૩. અક્ષરપુરુષોત્તમની ઝોળી (૭૫-૭૬)

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. યજ્ઞપુરુષદાસે મોકલેલી ભેટ ભગતજી મહારાજને ક્યાં કોણે આપી ? (૨૫)

૨. સમઢિયાળાના હરખા પટેલને સ્વામીશ્રીએ કયો નિયમ આપ્યો ? (૮૨)

૩. કરમસદ લગ્ન પ્રસંગે ડુંગર ભક્ત કેમ જમ્યા નહીં ? (૫)

૪. સ્વામીશ્રીએ નિર્મળદાસ સ્વામી સાથે મૂર્તિઓ અંગે શી વાત કરી ? (૪૩)

૫. સ્વામીશ્રીએ સયાજીરાવ મહારાજનો કયો શોક દૂર કર્યો ? (૭૨)

**(પાછળ જુઓ)**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવેશ-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

તારીખ મહિનો વર્ષ

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- [ ][ ] [ ][ ] [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સદ્‌ગુરુની શોધમાં (૧૨-૧૩)

(૧) ☐ વિજ્ઞાનાનંદ સ્વામી મહારાજ સાથે ૨૨ વર્ષ રહ્યા હતા.

(૨) ☐ ડુંગરભક્તે સંકલ્પ કરી લીધો કે વિજ્ઞાનાનંદ સ્વામીને જ ગુરુ કરવા.

(૩) ☐ વિજ્ઞાનાનંદ સ્વામીને થયું, ''આ છોકરો સાધુ થાય તો મારો યોગ્ય વારસ બને.''

(૪) ☐ વિજ્ઞાનાનંદ સ્વામી તમામ શાસ્ત્રોના ઊંડા અભ્યાસી વિદ્વાન અને સંગીતજ્ઞ હતા.

૨. જોતજોતામાં ચોથું શિખરબદ્ધ મંદિર (૮૪)

(૧) ☐ પ્રતિષ્ઠા મુહૂર્ત : સં. ૨૦૦૧ અષાઢ માસમાં.

(૨) ☐ બે દિવસ પહેલાંથી વરસાદ પડતો હતો, તેથી સૌ મૂંઝાયા.

(૩) ☐ બાબુભાઈ પટેલ સ્વામીશ્રીને વિદ્યાનગર પધારવા આમંત્રણ આપવા આવ્યા.

(૪) ☐ સ્વામીશ્રીએ લાહોરના હરિભક્તોને કહ્યું, ''મહાકાળ આવે છે, સૌ દેશમાં આવી જજો.''

૩. ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજ માટે ઉચ્ચારેલા શબ્દો : (૨૩, ૩૧)

(૧) ☐ ''આ તો મારો કોડીલો લાલ.''

(૨) ☐ ''अस्मिन् संप्रदाये एकमेव''

(૩) ☐ ''તેની વાતો મને સાકરના કટકા જેવી મીઠી લાગે છે.''

(૪) ☐ ''આ યજ્ઞપુરુષદાસ તમારાં સૌનાં અંતર ચોખ્ખાં કરવાની સાવરણી છે.''

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**ઉદાહરણ : વિદ્યારંભ :** એક વખત ગામમાં પીજનો એક માણભટ્ટ, થાળી વગાડી રામાયણની કથા કરવા આવ્યો. પ્રાગજી ભક્તને કથાની શૈલી મોઢે થઈ ગઈ.

જવાબ : **વિદ્યારંભ :** એક વખત ગામમાં **<u>વસોનો</u>** એક માણભટ્ટ, **<u>માણ</u>** વગાડી **<u>મહાભારતની</u>** કથા કરવા આવ્યો. **<u>ડુંગર</u>** ભક્તને કથાની શૈલી મોઢે થઈ ગઈ.

૧. **અક્ષરધામનો દરવાજો :** કેટલાકને એમ સંકલ્પ થતો કે 'આવું મોટું સિંહાસન તો માંડ પૂરું કર્યું. વળી, તેમાં આવું મોટું શિખર કરવાની શી જરૂર છે ?' (૮૫)

૨. **પ્રાકટ્ય અને આશીર્વાદ :** શાસ્ત્રીજી મહારાજનો પ્રાદુર્ભાવ સં. ૧૯૮૨ની ફાગણ સુદ પંચમીએ મહેળાવમાં થયો. (૨)

૩. **ગુણાતીતની આણ :** આ જ વખતે કાઠિયાવાડમાં આવેલા ગામ નાના ગોખરવાળામાં હરિભક્ત હરમાનભાઈને ગુણાતીતાનંદ સ્વામીએ દર્શન આપ્યાં. (૫૮)

૪. **હું તે યોગી ને યોગી તે હું :** જળઝીલણીના સમૈયા પર સારંગપુર જવા સ્વામીશ્રીએ વિચાર્યું, જેથી હજારો હરિભક્તોને છેલ્લી વારનાં દર્શન થાય. (૯૨)

૫. **અડસઠ તીરથ :** કાશીમાં ખુશાલ ભગતને ગાય રૂપે ગંગાનાં દર્શન થયાં તેથી ભ્રાંતિ ભાંગી. (૭૫)

૬. **ગુરુશિષ્યનો પ્રેમપ્રવાહ :** જૂનાગઢ મંદિરમાં દંડવત્ કરતા જ્ઞાનજીવનદાસજીને એક સાધુએ મોટો સૂયો ઘોંચ્યો અને બીજાએ લોટો માર્યો પણ તેઓ તુરંત બહાર દોડી ગયા. (૨૬)

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**